ફંડ માંગણી અને ફંડ ફાળવણી
બાબતેની સુચના.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, સે.૧૦એ ગાંધીનગર.
પરીપત્ર નં. એબી/ફંડ ફાળવણી/૨૦૧૬-૧૭/૯૯
તા.૧૦/૧૧/૨૦૧૬

બોર્ડ સભ્ય મંડળની ૨૨૫ મી બેઠક તા. ૩૦-૧-૨૦૦૯ નાં રોજ મળેલ જેના ઠરાવ નં.૩૫ થી સભ્ય મંડળે વિગતવાર ચર્ચા કરી, બોર્ડ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓને ફંડ ફાળવવા માટે બોર્ડ દ્વારા અમલમાં મુકવામાં આવેલ કાર્યપધ્ધતિનાં સંદર્ભમાં બોર્ડના નાણાં નિયંત્રકશ્રી દ્વારા બોર્ડ કચેરીના તા.૨૯-૧૧-૨૦૦૭ નાં પત્ર નં. એબી/ફંડ ફાળવણી/૨૦૦૭-૦૮/૮૪૨૮/૦૭ થી જે સુચનાઓ બહાર પાડવામાં આવેલ તેને ગ્રાહ્ય રાખવાનું ઠરાવેલ.

બોર્ડ દ્વારા જે સુચનો બહાર પાડવામાં આવેલ તે ઉપરાંત નીચે જણાવેલ સુચનાઓનો તમામ ક્ષેત્રિય કચેરીઓએ ફંડની માંગણી કરતા પહેલાં અમલ કરવાનો રહેશે.

(૧) મંજુર થયેલ એકશન પ્લાન કરતાં ખર્ચ વધવો જોઇએ નહી. જો ખર્ચ વધે તેમ હોય તો મુખ્ય ઇજનેરશ્રી(પ્લાનીંગ અને મોનીટરીંગ) ની લેખિત મંજુરી મેળવવાની રહેશે. જેની નકલ ફંડ માંગણી સાથે સામેલ કરવાની રહેશે.

(૨) એકશન પ્લાનની મર્યાદામાં જ ખર્ચ થાય તે બાબત સબંધિત ઝોનના મુખ્ય ઇજનેરશ્રીએ ધ્યાને લઇ ફંડની માંગણી કરવાની રહેશે.

(3) ફંડ ફાળવણીની ફાઇલ બોર્ડની હિસાબી શાખા દ્વારા તેઓના રીમાર્કસ સાથે તૈયાર કરી અધિક્ષક ઇજનેરશ્રી (મોની/પ્લાં) ને મોકલવાની રહેશે. મોનીટરીંગ/પ્લાનીંગ શાખાએ ખર્ચનું પોસ્ટીંગ કરવાનું રહેશે ત્યારબાદ મુખ્ય ઇજનેરશ્રી (મોની/પ્લાં) મારફત હિસાબી શાખાએ ફંડ ફાળવણી કમિટિનાં અન્ય બે સભ્યોની સહી મેળવી સભ્ય સચિવશ્રીને ફંડ ફાળવણીની ફાઇલ રજુ કરવાની રહેશે.

(૪) ફંડ માંગણી છુટક-છુટક કરવાને બદલે દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં સભ્ય સચિવશ્રીને વંચાણે મોકલી આપવાની રહેશે. ત્યારબાદ મળતી માંગણી દફતરે ગણવાની રહેશે. દર મહિનાની Fresh માંગણી જ મોકલવાની રહેશે.

(૫) આગલા માસ સુધીનાં ખર્ચની વિગતો હિસાબી શાખાને મળેલ હોય તે વિભાગની જ માંગણી ધ્યાને લેવાની રહેશે.

(૬) નાણાંકીય શિસ્ત માટે દરેક વિભાગીય કચેરીએ દરેક કામનાં રનીંગ બીલને ફાયનલ બીલ જેટલી જ ગંભીરતાથી લઇ બીલ સાથે રજુ કરવાના થતા જરૂરી દસ્તાવેજો, માપપોથીઓ, રજીસ્ટરો, રોયલ્ટી વસુલાત, લીકવીડેટ ડેમેજીસ વસુલાત તથા પ્રી ઓડીટર દ્વારા જે રીકવરી સુચિત કરેલ હોય તેને ધ્યાને લઇ કાર્યપાલક ઇજનેરશ્રીએ માંગણી કરવાની રહેશે. ઉપરોકત બાબતો ધ્યાને લીધા સિવાય ફંડની માંગણી કરેલ હશે તો જવાબદારી સબંધિત કાર્યપાલક/અધિક્ષક ઇજનેરશ્રીની રહેશે.

(૭) જે કામોની અધિક્ષક ઇજનેરશ્રી, મુખ્ય ઇજનેરશ્રી, સભ્ય સચિવશ્રી, અગ્રસચિવશ્રી, બોર્ડની તકેદારી શાખાએ અથવા ગુજરાત તકેદારી આયોગનાં અધિકારીશ્રીઓએ મુલાકાત લીધેલ હોય તેની નિરીક્ષણ નોંધ મેળવી, તેની પુર્તતા વિભાગીય કચેરી દ્વારા વર્તુળ કચેરીમાં સાદર કર્યા બાદ જ રનીંગ બીલની ફંડ માંગણી કરવી. આ માટે વર્તુળ સ્તરે ચેકલીસ્ટ નિભાવવું.

(૮) જે કામોની સમય મર્યાદા વધારવાની રહેતી હોય તેવા કામોની સમય મર્યાદા વધારવાની દરખાસ્ત સક્ષમ સત્તાધિકારીશ્રી એટલે કે વિભાગીય કચેરી/વર્તુળ કચેરી/ઝોન કચેરી/ બોર્ડ કચેરીને રજુ થયેલ હોવી જોઇએ. જે તે કચેરીની સત્તામર્યાદામાં આવતી હોય અને મંજુરી લેવાયેલ હોય તેવી જ ફંડની માંગણી કરવાની રહેશે.

(૯) જે કામોની સમય મર્યાદા વધારવાની દરખાસ્ત વિચારણા હેઠળ હોય તેવા કામોની બેન્ક ગેરંટી/સીકયોરીટી ડીપોઝીટની મુદત વધારેલ હોય તેની ખાત્રી કરી મુખ્ય ઇજનેરશ્રીએ પ્રમાણિત કર્યા બાદ જ ફંડની માંગણી કરવાની રહેશે. લીકવીડેટ ડેમેજીસ માટે નિયમાનુસાર કપાત કર્યા બાદ જ ફંડની માંગણી કરવી.

(૧૦) જે કામોમાં જથ્થામાં વધારો/ઘટાડો કે વધારાની બાબતની સક્ષમ સત્તાની મંજુરી મેળવવાની રહેતી હોય તેવા કામોની દરખાસ્ત વિભાગીય કચેરી/વર્તુળ કચેરી/ઝોન કચેરી/બોર્ડ કચેરીમાં રજુ થયેલ હોય અને સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવેલ હોય તો જ ફંડની માંગણી કરવાની રહેશે, જે કામો માટે મંજુરી મળેલ ન હોય તેની ફંડની માંગણી કરવાની રહેશે નહી, અન્ય ફંડમાંથી આવી બાબતોનું ચુકવણું કરવાનું રહેશે નહી. મંજુરીની અપેક્ષાએ સૈધ્ધાંતિક મંજુરીના

નામે ૭૫% ચુકવણું કરવાની ગેરરીતીને ઉત્તેજન આપતી કાર્યવાહી તાત્કાલિક અસરથી બંધ કરવી.

(૧૧) ફંડની માંગણીનું સંકલન થાય તે માટે પ્રોજેકટ મોનીટરીંગ સોફટવેરનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે. તા. ૧-૧૧-૨૦૧૬ બાદ PMS મારફત જ ફંડની માંગણીઓ થાય તે જોવાનું રહેશે.

અગાઉની બોર્ડની સુચનાઓ તેમજ ઉપરની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

(તુષાર એમ.ધોળકિયા)
સભ્ય સચિવ

પ્રતિ,

- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧ વડોદરા/ઝોન-૨ અમદાવાદ/ઝોન-3 રાજકોટ/ ઝોન-૪ ભુજ/ઝોન-૫ જુનાગઢ
- મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક) વડી કચેરી, ગાંધીનગર.
- તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ,
- તમામ કાર્યપાલક ઇજનેરશ્રીઓ
- સીનીયર મેનેજરશ્રી (નાણાં-હિસાબ) સર્વે/નાયબ મેનેજરશ્રી (ના/હિ) સર્વે

<u>નકલ સવિનય રવાના</u>

- અગ્રસચિવશ્રી (પા.પુ.) નર્મદા,જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત પા.પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

<u>નકલ રવાના</u>

- મુખ્ય ઇજનેરશ્રી (મોની/પ્લાં) ગુજરાત પા.પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર, તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.